# વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો
# કામની જગ્યાએ ધુમ્રપાન કરવા વિશે એચ.એસ.ઈ.ની શું સલાહ છે?

**FREQUENTLY ASKED QUESTIONS**
**WHAT IS HSE'S ADVICE ON SMOKING AT WORK?**

ગ્રેટ બ્રિટનમાં જાહેર સ્થળો અને કામની જગ્યાઓમાં ધુમ્રપાન (સ્મોકિંગ)ને જાહેર આરોગ્યને લગતી બાબત તરીકે માનવામાં આવે છે. ઈંગ્લેન્ડમાં આ બાબત પર ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ આગેવાની લે છે, વેલ્સમાં આ બાબત ઉપર વેલ્શ એસેમ્બલી ગવર્નમેન્ટ કાર્યવાહી કરે છે અને સ્કોટલેન્ડમાં તે સ્કોટિશ એક્ઝેક્યૂટિવની જવાબદારી છે. આ વિશેની પરિસ્થિતિ નીચે મુજબ છે:

## સ્કોટલેન્ડ

26 માર્ચ 2006થી સ્કોટલેન્ડમાં ધુમ્રપાનને લગતો કાયદો બદલાશે. જાહેર સ્થળો અને કામની જગ્યાઓને ધુમ્રપાન મુક્ત બનાવવામાં આવશે, જેમાં અમુક મર્યાદિત સંખ્યામાં મુક્તિ આપવામાં આવેલા અપવાદોને સામેલ કરાશે. ધંધાકીય હેતુસર વાપરવામાં આવતાં વાહનોને પણ આ નવા કાયદાની અસર થશે. આમાં હળવા અને ભારે સામાનનાં વાહનો, તેમજ ટેક્સિઓ, બસો, ટ્રેઈનો અને ફેરીઓ જેવાં જાહેર વાહનોનો સમાવેશ થાય છે. જો કે બધી જ ગાડીઓ (કાર)ને આમાંથી મુક્તિ આપવામાં આવશે.

નવા કાયદા વિશે સલાહ અને માહિતી, ધંધાઓએ તેનું પાલન કેવી રીતે કરવું તેના માર્ગદર્શન સહિત આ વેબસાઈટ પરથી મેળવી શકાશે www.clearingtheairscotland.com. અથવા સ્કોટિશ એક્ઝેક્યૂટિવની ટોબેકો કંટ્રોલ ટીમનો આ સરનામે સંપર્ક કરોઃ

Scottish Executive Health Department
Tobacco Control Division
St Andrew's House
Edinburgh
EH1 3DG
ફોનઃ 0131 244 5660
ઈ-મેઈલઃ info@clearingtheairscotland.com

જે જગ્યાઓને ધુમ્રપાન મુક્ત કાયદા હેઠળ મુક્તિ આપવામાં આવી છે ત્યાં, હેલ્થ એન્ડ સેફ્ટીના કાયદા હેઠળ એમ્પ્લોયરોએ બીજાનાં ધુમ્રપાનના ધુમાડાથી પોતાનાં કર્મચારીઓના આરોગ્ય અને સુરક્ષા ઉપર ઊભાં થતાં જોખમો જ્યાં સુધી વાજબી રીતે વ્યવહારૂ હોય ત્યાં સુધી ઓછાં કરવાં જરૂરી રહેશે. આ કેવી રીતે કરવું તે વિશે એન.એચ.એસ., લોકલ ઓથોરિટીઓ અને સંભાળની સેવા પૂરી પાડનારાંઓ માટેની ધુમ્રપાનની લગતી નીતિઓ ઉપરની 'સ્મોક-ફ્રી સ્કોટલેન્ડ ગાઈડન્સ' (ધુમ્રપાન મુક્ત સ્કોટલેન્ડ વિશેની માર્ગદર્શિકા)માં ઉપયોગી સલાહ આપવામાં આવેલી છે. તે આ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે www.scotland.gov.uk/Resource/doc/47121/0020880.pdf અથવા ઉપરોક્ત સરનામેથી મેળવી શકાય છે.

## ઈંગ્લેન્ડ અને વેલ્સ

2007ના ઉનાળાથી, ઈંગ્લેન્ડમાં બધાં જ જાહેર સ્થળો અને કામની જગ્યાઓ ધુમ્રપાન મુક્ત બનશે, જેમાં અમુક મર્યાદિત સંખ્યામાં મુક્તિ આપવામાં આવેલા અપવાદોને સામેલ કરાશે. આરોગ્ય ખરડા દ્વારા, આ મુદ્દા ઉપર નિયમન બનાવવા માટેની સત્તાઓ વેલ્શ એસેમ્બલીને હસ્તક સોંપવામાં આવે છે. એક વાર આરોગ્ય ખરડાને રાજદ્વારી સંમતિ મળી જશે એટલે નિયમનોના કાચા મુસદા ઉપર વેલ્શ એસેમ્બલી ગવર્નમેન્ટ મંત્રણાઓ કરશે. ગયા વર્ષે એસેમ્બલી મિનિસ્ટરો દ્વારા નક્કી કરવામાં આવેલી નીતિ સ્કોટલેન્ડ અને ઈંગ્લેન્ડમાં પ્રસ્તાવ કરવામાં આવેલી નીતિ જેવી જ છે.

ધુમ્રપાન મુક્તિ અંગેના નવા કાયદા સાથે પણ, બીજાંના ધુમ્રપાનને લીધે થતા ધુમાડાથી કર્મચારીઓનું રક્ષણ કરવા વિશેની એચ.એસ.ઈ.ની સલાહ માટે નીચેની બાબતોમાં કોઈ ફેરફાર થતો નથીઃ

- કામની જગ્યાએ ધુમ્રપાન કરવા ઉપર એમ્પ્લોયરોએ નિશ્ચિત નીતિ અમલમાં રાખવી જોઈએ.
- બીજાંનાં ધુમ્રપાનના ધુમાડાથી કર્મચારીઓનાં આરોગ્ય અને સુરક્ષા પર ઊભાં થતાં જોખમો જ્યાં સુધી વાજબી રીતે વ્યવહારુ હોય ત્યાં સુધી ઓછાં કરવા માટે એમ્પ્લોયરોએ પગલાં લેવાં જોઈએ.
- ધુમ્રપાન નહિ કરતાં જે લોકો તમાકુનો ધુમાડો શ્વાસમાં લેવા ન ઈચ્છતાં હોય, તેમની જરૂરતોને ધુમ્રપાન અંગેની નીતિમાં અગ્રતા આપવામાં આવવી જોઈએ.
- એમ્પ્લોયરોએ તેમના કામની ચોક્કસ જગ્યા અનુસાર યોગ્ય હોય તેવી ધુમ્રપાન અંગેની નીતિ ઉપર તેમનાં કર્મચારીઓ અને તેમનાં પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કરવી જોઈએ.

જો તમને ધુમ્રપાન અંગે વધારે માહિતી જોઈતી હોય, તો કૃપા કરીને ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ કસ્ટમર સર્વિસ સેન્ટરનો 020 7210 4850 પર સંપર્ક કરો અથવા તેમની આ વેબસાઈટ જુઓઃ
http://www.dh.gov.uk/PolicyAndGuidance/HealthAndSocialCareTopics/Tobacco/fs/en